# અરવલ્લી જિલ્લામાં આસો મહિને ધોમધખતા તડકાથી પ્રજાજનો પરેશાન



મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં ચોમાસાની વિદાય બાદ ધીરે-ધીરે શિયાળુની ઋતુનો માહોલ જામી રહ્યો છે. જોકે ઊંચા ઉષ્ણતામાન વાતાવરણમાં ભારે ભેજના કારણે દિવસે અસહ્ય ગરમીને ઉકળાટે જીલ્લાવાસીઓને ગ્રીષ્મ ઋતુનો અહેસાસ કરાવી રહી છે. તો બીજી મધ્યરાત્રીથી વહેલી પરોઢ સુધી અનુભવાતી ફૂલગુલાબી ઠંડીએ મિશ્ર ઋતુનો માહોલ પેદા કરતા જનજીવન પર ભારે અસર વર્તાઈ રહી છે. મિશ્ર ઋતુથી વાઈરલ બીમારીએ ભારે જોર પકડ્યું છે. જિલ્લાવાસીઓ શરદી ખાંસી ગાળામાં સોજો આવવો અને હાથપગ જકડાઈ જવાની બીમારીનો સામનો કરી રહ્યા છે અને દવાખાનામાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે.

સૂર્ય પશ્ચિમ તરફ પ્રયાણ કરતો જાય તેમ તેમ ગરમી-ઉકળાટનું પ્રમાણમાં અસહ્ય વધારો થતા લોકો તોબા પોકારી ઉઠ્યા છે. બપોરે ધોમધખતા તડકામાં બહાર નીકળવાનું ટાળી રહ્યા છે સાંજના સુમારે ધીરે ધીરે વાતાવરણમાં ઠંડક જામતા લોકો રાહત અનુભવી રહ્યા છે. મિશ્ર ઋતુના પગલે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા વાઈરલ ઈન્ફેકશનના રોગમાં લોકો ટપોટપ સપડાઈ રહ્યા છે અને ખાનગી અને સરકારી દવાખાનાઓ ઉભરાઈ રહ્યા છે. જિલ્લાવાસીઓ ધોમધખતા તડકાથી તોબા પોકારી ઉઠ્યા છે અને ગરમીથી બચવા લોકો એ.સી, એર કુલર અને પંખાઓનો સહારો લઈ રહ્યા છે. દિવાળીની સીઝન હોવા છતાં ગરમીના પગલે બજારોમાં સુમસામ ભાસી રહ્યા છે. મોડાસા શહેર સહીત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના માર્ગો ભેંકાર ભાસી રહ્યા છે ત્યારે જિલ્લાવાસીઓ પર કુદરત મહેરબાન થાય અને ગરમીના બદલે ધીરે ધીરે ફુલગુલાબી ઠંડીની મૌસમ ઈચ્છી રહ્યા છે.

## પોગલુ સેવા સહકારી મંડળીમાં ચેરમેન વાઈસ ચેરમેનની વરણી

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ સેવા સહકારી મંડળીમાં ચેરમેન વાઈસ ચેરમેનની સર્વાણુંમતે વરણી થઈ હતી. જેમાં ચેરમેન તરીકે નરેન્દ્રભાઈ માધવદાસ પટેલની વરણી થઈ છે અને સતત ત્રીજીવાર ચેરમેન તરીકે વરણી થઈ છે. જયારે વાઈસ ચેરમેન તરીકે ગણપતભાઈ મણીભાઈ વણકરની વરણી કરવામાં આવી છે.

## મોડાસા સર્વોદય હાઈસ્કૂલમાં ગરબાની રમઝટ

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં મોડાસા કેળવણી મંડળ સંચાલિત મોડાસાની સર્વોદય હાઈસ્કૂલ અને મોડાસા હાઈસ્કૂલના વિશાળ પ્રાંગણમાં નવરાત્રી મહોત્સવ ઉજવાતા છાત્રોએ ઉમંગભેર ભાગ લઈને ગરબાની રમઝટ બોલાવી હતી. સંચાલક મંડળ પ્રમુખ બિપિનભાઈ શાહ અને આચાર્ય રાકેશભાઈ મહેતાઅને સ્ટાફ વગેરે પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## અરવલ્લી જિલ્લાના શિક્ષકોની તાલીમ યોજાઈ

અરવલ્લી, તા. ૫

નેશનલ એચીવમેન્ટ સર્વેની તાલીમ અંતર્ગત લાટીવાળા ડી.એલ.એડ. કોલેજમાં અરવલ્લી તેની કાળજીના ભાગરૂપે તાલીમ રાખવામાં આવી હતી.

લાટીવાળા કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે અરવલ્લી જિલ્લાની કરી શકે તે માટે શિક્ષકોને માર્ગદર્શન અને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

એક દિવસીય તાલીમમાં શિક્ષકોને વિવિધ મટેરીયલ અને જુદા



જિલ્લાના ધોરણ ત્રણ અને પાંચના શિક્ષકોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણ અનેતાલીમ ભવન ઈડર દ્વારા આયોજિત આ તાલીમમાં ગણિત, ગુજરાતી, સામાજિક વિજ્ઞાન વિષયના તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી હતી. તા. ૧૩ નવેમ્બરના રોજ સમગ્ર ભારતમાં થનાર પ્રાથમિક શાળાના સર્વેમાં ગુજરાત પણ પાછળ રહી ન જાય જુદી જુદી શાળામાંથી આવેલ મહેમાનો તથા શિક્ષકોનું સ્વાગત કર્યુ હતુ. ડાયેટ ઈડરના પ્રાચાર્ય કે.ટી. પોરાણીયા, પ્રા. જીતપુરા, પ્રા. ડામોર તથા પ્રા. આર.ડી. પરમારે માર્ગદર્શન આપ્યું હતું.

અરવલ્લી જિલ્લાની પસંદગી પામેલ શાળામાં ધોરણ-૩, ૫ અને ૮ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૩ નવેમ્બરે સમગ્ર રાજ્યમાં લેવાનાર છે. જેમાં સારો દેખાવ વિદ્યાર્થીઓ જુદા પ્રશ્નો અને અપેક્ષિત ઉદાહરણોથી સજ્જ કરવાનો પ્રયત્ન થયો હતો. પ્રાચાર્ય કે.ટી. પોરાણીયાએ લાટીવાળા કોલેજના તાલીમાર્થીઓ અને શિક્ષકોને સંબોધ્યા હતા. અને સર્વે માટે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવીનભાઈ મોદી તથા પ્રભારી મંત્રી સુભાષભાઈ શાહે સમગ્ર કાર્યક્રમ માટે શુભેચ્છા પાઠવી હતી.

## જવાહર નવોદય વિદ્યાલય, અરવલ્લી અને સાબરકાંઠા પ્રવેશ પરીક્ષાની પ્રક્રિયા શરૂ

મોડાસા, તા. ૫

જવાહર નવોદય વિદ્યાલય મુ.પો. ધનસુરા, જિ. અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લા માટે વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ધો. ૬માં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા તા. ૧૦-૨-૨૦૧૮ને શનિવારના રોજ લેવાનાર છે. આ પ્રવેશ પરીક્ષાના અરજીપત્રક ઓનલાઈન ભરવાના રહેશે. આ માટે ઉમેદવાર C.S.C.(કોમન સર્વીસ સેન્ટર) પરથી આવેદનપત્ર ભરવાનું રહેશે. ઉમેદવાર વાલીએ એક સર્ટીફીકેટ કે જે તેઓ C.S.C.(કોમન સર્વીસ સેન્ટર) www.nvshq org ઉપરથી ડાઉનલોડ કરી, જે તે શાળાના મુખ્ય શિક્ષક પાસે માહિતી સર્ટીફાઈડ કરાવી C.S.C.(કોમન સર્વીસ સેન્ટર) પરથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ઓનલાઈન અરજીપત્રકો ભરવાની અંતિમ તારીખ ૨૫-૧૧-૨૦૧૭ છે. ઓનલાઈન અરજીપત્રક ભરતા પહેલાં www.nvshq org ઉપર મુકવામાં આવેલ પ્રવેશ યોગ્યતાની જાણકારી મેળવી લેવી અને પ્રવેશ યોગ્યતાની શરતો પ્રમાણે ઉમેદવારની માહિતી યોગ્ય છે કે નહીં તેની ખાતરી કરી લેવી ઓનલાઈન અરજીપત્ર ભરવાની એક અરજી મુજબ રૂ. ૩૫ અને પ્રવેશપત્રની રૂ. ૧૦ ફી તરીકે કરાવી C.S.C. (કોમન સર્વીસ સેન્ટર) પરથી વસુલવામાં આવશે.

## રખિયાલમાં પીવાનુ પાણી આપવા બાબતે આવેદનપત્ર

મોડાસા તાલુકાના રખિયાલ ગામમાં અબોલા જીવના મૃત્યુના પંચનામામાં સહિ ના કરવાનો મુદ્દો આગળ ધરી ૧૦ જેટલા રહીશોને પીવાના પાણીથી વંચિત રાખનાર વ્યક્તિઓના રહેઠાણ આવેલા છે. આ વિસ્તારમાં પીવાના પાણીની પાઈપલાઈન નાખવાની માંગણી કરવા છતાં કોઈજ નિકાલ આવતો નથી. આ વિસ્તારમાં પીવાના પીવાનું પાણી આશ્ચર્યજનક રીતે ન આપવામાં આવતા નવાઈ પેદા થઈ છે. જેથી નારાજ રહીશોએ મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સમક્ષ રજુઆત કરી હતી. આ



સરપંચ તથા તલાટીની વિરૂદ્ધમાં ટીડીઓને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. આમ લોકશાહીના રાજમાં રાજાશાહીની યાદ અપાવતા આ કિસ્સાએ ચર્ચા જગાવી છે.

મોડાસા તાલુકાના રખિયાલ ગામના સ્ટેશન વિસ્તારમાં રહેતા મકવાણા રામસિંહ સહિતના ૧૦ પાણીની તંગી હોવા છતાં ભચડીયા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ તથા તલાટી કોઈજ વાત સાંભળતા નથી અને ગામમાં મૃત્યુ પામેલ એક પશુ (પાડો)ના પંચનામા સહિ કરવા વારંવાર દબાણ કરતા હોવાની રજુઆત કરી હતી. આમ પંચનામા સહી કરવા ઈન્કાર કરનાર રહીશોને ઉપરાંત મોડાસા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યુ હતુ. આમ ભારતમાં લોકશાહીતંત્ર છે પણ રખિયાલમાં રાજાશાહીનો અનુભવ રહીશોને થઈ રહ્યો છે. તેથી જિલ્લા કલેકટર રાજાઓનો લોકશાહીના પાઠ ભણાવે તેવી જનતાની માંગણી છે.

## કાંકરેજના થરા મુકામે રબારી સમાજની વાડીનુ ખાતમુહૂર્ત

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજના થરા ખાતે આવેલ કાંકરેજ રબારી માલધારી સમાજની વાડિનું રમેશભાઈ (ભલગામ), રામજીભાઈ દેસાઈ (આકોલી) તથા જામાભાઈ દેસાઈ (માલધારી વિધિવત શિલાન્યાસ કરાવ્યો હતો. આમ કાંકરેજ રબારી સમાજવાડીનુ ખાતમુહૂર્ત કરાતાં




ખાતમુહૂર્ત બાબુભાઈ દેસાઈના હસ્તે યોજાયુ હતુ. જેમાં મુખ્ય મહેમાન વડવાળા મહંત કનીરામજી બાપુ, ઈશ્વરભાઈ દેસાઈ (ખીમાણા), જલાભાઈ દેસાઈ (થરા), પરબતભાઈ (વડા), સમાજ અગ્રણીવડા), પ્રમુખ અમરતભાઈ આલ સહિત વિશાળ સંખ્યામાં રબારી સમાજના આગેવાનો, યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શાસ્ત્રી જગદિશભાઈ શિરવાડીયા (હાલ પાટણ)વાળાએ સમાજમાં આનંદની હેલી ઉભરાઈ હતી અને મિડીયા કર્મીઓનુ શાલ ઓઢાડી રબારી સમાજે સ્વાગત કર્યુ હતું. અને ચોથી જાગીરે રબારી સમાજના આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બાઈક પરથી પટકાતા ઊંઝાના વૃદ્ધાનુ મૃત્યુ

ઊંઝા શહેરમાં રામબાગ પાસેથી પસાર થઈ રહેલ એક મોટરસાયકલ બમ્પ પર કૂદતા પાછળ બેઠેલ એક વૃદ્ધા ઉછળીને રોડ પર પટકાતાં ગંભીર ઈજાઓ થવાથી સારવાર દરમિયાન તેમનુ મોત નિપજ્યુ હતુ.

વિગત એવી છે કે ઊંઝા ખાતે સરદાર સોસાયટીમાં રહેતા મકરધ્વજરાજા રાધાકૃષ્ણ વર્માના ધર્મપત્નિ પાવિત્રીબેન સવારના સમયે પોતાના દિકરાના પલ્સર મોટરસાયકલ પાછળ બેસીને રામબાગ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અહીં રોડ પરના બમ્પ પર મોટરસાયકલ ચઢી જતાં મોટરસાયકલ પાછળ બેઠેલ વૃદ્ધા અચાનક ઉછળીને રોડ પર પડી ગયા હતા જેથી તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં તેમનુ કરૂણ મોત નિપજ્યુ હતુ.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે મોટરસાયકલ ચાલક જીતેન્દ્ર મકરધ્વજરાજા વર્મા રહે. ઊંઝા વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## તલોદની લુણી નદીમાં દારૂ ભરેલી કાર ખાબકતા બુટલેગરો ઘવાયા

તલોદ, તા. ૫

તલોદની લૂણી નદીના પુલ ઉપરથી લોખંડની રેલીંગ તોડી એક કાર સીધી નદીમાં જઈ ઢીંચણસમા પાણીમાં ખાબકતા કારમાં બેસેલા ત્રણેય વ્યક્તિઓ બચાવોની બૂમોથી આસપાસમાંથી ટોળેટોળા દોડી આવી ઈજાગ્રસ્તોને બહાર કાઢી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે શાંતિપૂર્ણ રીતે પોલીસ આવે તે પહેલા જ અકસ્માત પામેલી કારમાંથી દારૂનુ સેવન કરનાર દારૂ લુટી ગયા હતા. જ્યારે અકસ્માત થયેલા બૂટલેગરો પોલીસની આંખોમાં ધૂળ નાખી ભાંગી છુટવામાં સફળ થયા હતા.

રાજસ્થાનના ડુંગરપુર તરફથી આવી રહેલી એક કાર બપોરના સુમારે તલોદ નજીક આવેલી લૂણી નદી પરનાં પૂલ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે એકાએક કારચાલકનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા કાર સીધીજ ફંગોળાઈ નદીમાં જઈ ખાબકતા કારમાં બેઠેલા બૂટલેગરો ત્રણેયને ઈજાઓ પહોંચતા તેમને ભારે બૂમાબુમ કરી મુકી હતી. જેથી આજુબાજુમાંથી દોડી આવેલા ગ્રામજનોએ ઘૂંટણી સમા પાણીમાં દોડી જઈ ત્રણેય ઈજાગ્રસ્તોને બહાર કાઢી તલોદ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે કારમાં ઘટના સ્થળે હાજર લોકોએ તપાસ કરતાં તેમાં દારૂની પેટીઓ ભરેલી હોવાથી જાણ થઈ જતાં જ ખુલ્લેઆમ દારૂની બોટલોની લૂટમલૂટ કરી હતી. ચિર નિંદ્રામાંથી ઉઠેલી પોલીસ બગાસુ ખાતા પતાસુ મળ્યુ હોય તેમ આવતા જ દારૂની બોટલ લોકો ઉઠાવી ગયા હતા. ત્રણેય ઈજાગ્રસ્તોમાં કપિલ, કાલુરામ, પ્રવિણ હોવાનું તેમને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું અને દારૂ વધારે પ્રમાણમાં પીધેલ હોવાનુ તબિબોએ જણાવ્યુ હતુ.

ત્રણેય ઈજાગ્રસ્તોને તલોદ સિવિલ ખાતે સારવાર અર્થે લવાતા બૂટલેગરો દારૂ ભરેલી કાર તેમજ અકસ્માત ગુનામાં પોલીસ પકડી જશે તેવો ભય. સાથે પોલીસ અને સિવિલ તંત્રને ચકમો આપી ખેપીયા ભાગી જવામાં સફળ થયા હતા. આ ઘટનામાં જાણી જોઈને ભગાડી દઈ તંત્ર દ્વારા દબાવી દેવાનું હિન પ્રયાશોથી ઊચ્ચકક્ષાએ તપાસની માંગ ઉઠી છે.

## વિસનગર રોડ પરથી બાઈકની ચોરી

ઊંઝા ખાતે વિસનગર રોડ પર આવેલ જયઅંબેનગર સોસાયટીમાંથી ધોળા દિવસે એક્ટીવાની ચોરી થયા બાદ શહેરના વિઠ્ઠલપરૂમાંથી પણ ધોળા દિવસે કોઈ તસ્કરો નવિન હીરો પ્લેઝરની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે. ઊંઝા શહેરમાં નવજીવન સ્કૂલ સામે વિઠ્ઠલપરૂ આવેલ છે. અહીં રહેતા પટેલ જોઈતારામ જીવરામે તાજેતરમાં જ નવુ હીરો પ્લેઝર ખરીદ્યુ હતુ. જેની સફેદ રંગના આ હીરો પ્લેઝરનું આરટીઓમાં પાસિંગ પણ થયુ ન હતુ. જેની ધોળા દિવસે જયવિજય સોસાયટીની બાજુમાંથી કોઈ તસ્કરો ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ પ્લેઝરની કિંમત રૂપિયા ૪૬૩૪૮ની થવા જાય છે. શહેરમાં ઘરફોડ ચોરીઓ, વાહન ચોરીઓ તેમજ અન્ય ગંભીર પ્રકારના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં સ્થાનિક પોલીસતંત્ર સદંતર નિષ્ફળ નિવડતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે.

## મહિન્દ્રાની નવી લકઝરિયસ TUV300 T10 પ્રસ્તુત

ભારતની અગ્રણી એસયુવી ઉત્પાદક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે તેની બોલ્ડ અને સ્ટાઈલિશ TUV300નું લક્ઝરિયસ હાઈ-એન્ડ વેરિઅન્ટ T10 લોંચ કરવાની જાહેરાત કરી હતી. રૂ. ૯.૬૬ લાખ (એક્સ શો રૂમ મુંબઈ)ની કિંમત ધરાવતું TUV300નું T10 વેરિઅન્ટ અનેક પ્રીમિયમ, હાઈ ટેક ફિચર્સ ધરાવે છે. સમગ્ર ભારતમાં તમામ ઓથોરાઈડ ડિલરશિપ પર બુકિંગ ચાલુ થઈ ગયું છે.

TUV300એ જીપીએસ નેવિગેશન, લાંબી મુલાયમ લેધર સીટ સાથે નવું હાઈ-એન્ડ ૧૭.૮ સેમી (૭’’) કલર ટચક્રીન ઈન્ફોટેઈન્મેન્ટ સિસ્ટમ ધરાવે છે. આ સિસ્ટમ કેપેસિટિવ ટચસ્ક્રીન, યુએસપી મારફતે વીડિયો અને ઈમેજ પ્લેબેક, Bluesense ટેકનોલોજી તેમજ ડ્રાઈવર ઈન્ફોર્મેશન સિસ્ટમ ધરાવે છે. પ્રસિદ્ધ ઈટાલિયન ડિઝાઈન હાઉસ પિનઈન્ફેરિના દ્વારા ડિઝાઈન કરેલ ઈન્ટેરિઅર્સ સાથે કેબિન પ્રીમિયમ અને લક્ઝરિયસ છે. નવો પર્લ વ્હાઈટ કલર TUV300ની પ્રીમિયમ અપીલ પણ ધરાવે છે. એક્ષ્ટેરિઅર્સ ફ્રન્ટ ગ્રિલ અને ફોગ લેમ્પ પર બ્લેક ક્રોમ ફિનિશ ધરાવે છે, કાર્બન બ્લેક ફિનિશ સાથે સ્ટેટિક-બેન્ડિંગ હેડલેમ્પ અને એલોય વ્હીલ્સ પર ગ્લોસી મેટલિક ગ્રે ફિનિશ, રૂફ રેલ અને રિઅર સ્પેર વ્હીલ કવર ધરાવે છે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડનાં ઓટોમોટિવ સેક્ટરનાં સેલ્સ અને માર્કેટિંગના ચીફ વીજય રામ નાકરાએ TUV300નાં T10 વેરિઅન્ટના લોંચ પર કહ્યું હતું કે, ‘અમને TUV300નાં લક્ઝરિયસ અને હાઈ ટેક T10 વેરિઅન્ટ પ્રસ્તુત કરવાનો આનંદ છે, જે અમે અમારા ગ્રાહકો માટે ખાસ ડિઝાઈન કરેલ છે.

## શ્રી જે.બી. શાહ ઈ.મી. સ્કૂલનું ગૌરવ

ધનસુરા, તા. ૫

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે યોજાયેલ જિલ્લાકક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં દરેક તાલુકામાંથી આવેલી જુદા જુદા પાંચ વિભાગોમાં આશરે ૫૦ કૃતિઓ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિકની રજુ થયેલ હતી. તેમાં શ્રી જે.બી. શાહ ઈ.મી. સ્કૂલના શિક્ષક ગિરીશભાઈ પટેલ અને તેમના વિદ્યાર્થીઓએ વિભાગ-૩માં ઓટોમેટીક ઈરીગેશન અને વિભાગ-૪માં ટોલટેક્ષ મેનેજમેન્ટ (ડીઝીટલ)ની કૃતિઓ રજૂ કરેલ હતી. આ બન્ને કૃતિઓને તેમના વિભાગમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. જે હવે પછીના રાજ્યકક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં જિલ્લાનુ પ્રતિનિધિત્વ કરશે.

## ઓર્ગનના ડોનેશનના હેતુમાં સરકારની ભાગીદારી જરૂરી

અમદાવાદ, તા.૫

ઓર્ગન ડોનેશન (અંગદાન)માં ગુજરાત રાજ્ય જાગૃતિના અભાવે હજુ ઘણું પાછળ છે. દેશમાં અંગદાનની અંદાજિત ટકાવારી જોઈએ તો, ૨૦૧૫ની સ્થિતિએ દેશમાં દસ લાખની વસ્તીએ ૦.૩૬ ટકા ઓર્ગન ડોનેશનની ટકાવારી નોંધાઈ હતી, જે નગણ્ય કહી શકાય. લોકોમાં ઓર્ગન ડોનેશન (અંગદાન) પ્રત્યેની જાગૃતિ વધે અને અન્ય લોકોને નવજીવનની ભેટ મળી રહે તે હેતુથી અમદાવાદ શહેરમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ખાતે તા.૮મી ઓક્ટોબરના રોજ ઈન્ડિયન સોસાયટી ઓફ ક્રિટીકલ કેર મેડિસીન દ્વારા એ ઓર્ગન ડોનેશન-એ ગીફ્ટ ફોર લાઈફ વિષય પર મહત્વના સેમીનારનું આયોજન કરાયું છે એમ અત્રે આઈએસસીસીએમના અમદાવાદ ચેપ્ટરના ચેરમેન ડો.જિગર મહેતા અને અમદાવાદ ફેમીલી ફીઝીશીયન એસોસીએશનના પ્રમુખ ડો.સુરેશ કે.પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, લોકજાગૃતિના અભાવે ઓર્ગન ડોનેશન પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નહી થવાથી કેટલાય લોકોને નવું જીવન મળી શકતું નથી.

હજુ પણ લોકો અંધશ્રધ્ધા અને અવિશ્વાસ સહિતના પરિબળોનો સમાજમાં શિકાર બનતા હોય છે પરંતુ આજે ઓર્ગન ડોનેશનના મુદ્દે જાગૃત બની કોઈને નવુ જીવન બક્ષવાનો સમય આવી ગયો છે. ઓર્ગન ડોનેશનના આ ઉમદા હેતુ માટે જો રાજય સરકાર પણ ભાગીદારી કેળવે અને સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી તેને સાચા અર્થમાં ચરિતાર્થ કરે તો, સમાજમાં ઓર્ગન ડોનેશન પરત્વે લોકવિશ્વાસ વધે અને મહત્તમ લોકજાગૃતિ ફેલાય. આ પ્રસંગે આઈએસસીસીએમના સેક્રેટરી ડો.અનીશ જોષી, ખજાનચી ડો.ગોપાલ રાવલ અને જાણીતા લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો.હિતેષ ચાવડાએ જણાવ્યું કે, દર વર્ષે તા.૮મી ઓક્ટોબરના રોજ આઈએસસીસીએમનો સ્થાપના દિવસ ઉજવાય છે અને આ વર્ષે અમદાવાદ ચેપ્ટર દ્વારા ઓર્ગન ડોનેશન-એ ગીફ્ટ ફોર લાઈફ થીમ પર કાર્યક્રમનું આયોજન કરાયું છે. તેમણે ઉમેર્યું કે, આજે હોસ્પિટલમાં જયારે દર્દી બ્રેઈન ડેડની સ્થિતિમાં હોય ત્યારે તબીબોએ પણ સમયસર તેને બ્રેઈનડેડ જાહેર કરી દેવો જોઈએ કે જેથી તેમના અંગો અન્ય દર્દી કે જેને તાતી જરૂર છે તેને ઉપલબ્ધ બનાવી શકાય અને તેને નવાજીવનની ભેટ આપી શકાય.